## વિરપુર ખાતે વણકર સમાજ ભવનનો ભૂમિ પૂજન અને સાર્વજનિક પુસ્તકાલયનું ઉદ્દઘાટન સમારોહ યોજાયો



નેત્રામલી: સાબરકાંઠા અરવલ્લી જિલ્લા વણકર સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા જિલ્લા વણકર સમાજ ભવનનો ભૂમિ પૂજન સમારંભ અને સાર્વજનિક પુસ્તકાલયનું ઉદઘાટન સમારોહ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી પ્રદીપ પરમારની ઉપસ્થિતિમાં હિંમતનગરના વિરપુર મુકામે યોજાયો હતો. આ પ્રસંગે સૌપ્રથમ શશીકાંતભાઈ સોલંકી પ્રમુખશ્રી, સાબરકાંઠા /અરવલ્લી વણકર સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા શાબ્દિક સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું જેમાં તેઓએ ભવનના નિર્માણ માટેની રૂપરેખા આપી હતી. આ સમારોહમાં મંત્રીશ્રી પ્રદીપભાઈ પરમાર તથા પરમ પૂજ્ય ધ.ધૂ.૧૦૦૮ મહામન્ડલેશ્વર આદરણીય શંભુનાથજી બાપુએ આ ભવન માટે જ્યાં પણ જરૂર પડે ત્યાં મદદ કરવાની ખાત્રી આપી હતી. પૂર્વ આરોગ્ય અને શિક્ષણમંત્રીશ્રી ડૉ. કરસનદાસ સોનેરી સાહેબે પણ સમાજ એક બને, નેક બને અને સર્વશ્રેષ્ઠ બને એની હાકલ કરી હતી. આ તબક્કે સમાજના અગ્રણી શ્રી કે કે ચૌહાણ છજી, હિતુભાઈ કનોડિયા ધારાસભ્યશ્રી ઈડર, રમણલાલ વોરા પૂર્વ અધ્યક્ષ તથા પૂર્વ શિક્ષણમંત્રી ડૉ.અમૃતભાઈ એસ પરમાર (નિવૃત સર્જન) તથા વણકર સમાજના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ૨૭- પરગણા વણકર સમાજ યુવા સંગઠને ભારે જહેમત ઉઠાવી હતી.અંતે કલરવભાઈ સૂર્યવંશી (મહામંત્રી (અ. જા. મો. હિંમતનગર તાલુકા ) દ્વારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

## રૂપાલ છત્રીસા મહાદેવ મંદિરે લઘુરુદ્ર યજ્ઞ યોજાયો...



હિંમતનગર તાલુકાના રૂપાલ છત્રીસા મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસની પૂર્ણાહુતિ પ્રસંગે ગુરુવારના રોજ રૂપાલના અગ્રણી ભરતસિંહજી રહેવર, મહેન્દ્રસિંહ રહેવર, ધનરાજસિંહ રહેવર તેમજ જયરાજસિંહ રહેવર સહિત સ્વર્ગસ્થ લાલસિંહજી રહેવર પરિવારના મુખ્ય યજમાન પદે દૂધ-જળ અને બીલીપત્રોના અભિષેક સાથે હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિવભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન અને પ્રસાદીનો લાભ લીધો હતો.

## મોડાસાની કલરવ સ્કૂલ ખાતે આંખોની તપાસનો કેમ્પ યોજાયો



મોડાસાની કલરવ શાળામાં આભ્યાસ કરતા બાળકોની સમયાંતરને આરોગ્ય તપાસ કરવામાં આવતી હોય છે ત્યારે મોડાસાની કલરવ સ્કૂલમાં આંખોની તપાસનો કેમ્પ યોજવામાં આવ્યો હતો, જમાં ૧૨૦૦ જેટલા બાળકોના આંખોની તપાસ કરાઈ હતી. કપિલા બેન જેબીએસ ફાઉન્ડેશન સંચાલિત શ્રી તુલસી દાસ પી.શાહ વિઝન સેન્ટર દ્વારા આંખોની તપાસ કરવાનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. કલરવ શિશુ વિકાસ કેન્દ્ર મોડાસા શાળા માં અભ્યાસ કરતા ૧૨૦૦ બાળકો ની આંખની તપાસ અંધજન મંડળ સંચાલિત બારેજા જનરલ હોસ્પિટલ માંથી આવેલ તજજ્ઞ ડોક્ટર તથા તેની ટીમ ધ્વારા તપાસ કરવામાં આવી જેમાં જે બાળકોની આંખની નબળાઈ માલૂમ પડી છે.તેવા સૌ વાલીઓ ને આગામી બુધવાર ના રોજ શાળા માથી માર્ગદર્શન આપવામાં આવશે.મોડાસા કેળવણી મંડળ ના પ્રમુખ બિપીન ભાઈ શાહ તથા મંત્રી ઊર્મિલ ભાઈ શાહ ના માર્ગદર્શન હેઠળ તથા તેમની હાજરી માં ખૂબ સુંદર રીતે આયોજન થયું તપાસ માં આવેલ ડૉ.સ્નેહાબેન અને તેમનો તમામ સ્ટાફ ખડે પગે કામગીરી કરી બાળકોને લાભાન્વિત કર્યા . મોડાસા કેળવણી મંડળ સંચાલિત કલરવ શાળા તેમનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

## અરવલ્લી જિલ્લાના ધનસુરામાં શ્રાવણ માસના અંતિમ દિવસે લોકો મોટી સંખ્યામાં ભગવાન મહાદેવજીના દર્શન માટે ઉમટ્યા હતા



શ્રાવણ માસનું ભારતીય સંસ્કૃતિ માં અનેરું મહત્વ છે.રાજ્યમાં શ્રાવણ માસમાં લોકોએ ભક્તિભાવ પૂર્વક ભગવાનની પૂજા અર્ચના કરી હતી. ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં શ્રાવણ માસના અંતિમ દિવસે શિવાલયો માં ભક્તો એ ભગવાન મહાદેવજીના દર્શન કર્યા હતા.ધનસુરા માં આવેલ પૌરાણિક મંદિર દેવીયા મહાદેવ અને શુળપાણેશ્વર મહાદેવજી મંદિર સહિત તાલુકાના વિવિધ શિવાલયોમાં ભક્તો દર્શન માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ધનસુરામાં આવેલ દેવીયા મહાદેવજીનું મંદિર પૌરાણિક મંદિર છે આ મંદિર પાંડવોના સમયનું છે જ્યાં સ્વયંભૂ શિવલિંગ પણ આવેલું છે અહીં શ્રાવણ માસ દરમિયાન લોકો મોટી સંખ્યામાં દર્શન માટે ઉમટ્યા હતા.શ્રાવણ માસ ના અંતિમ દિવસે લોકો મોટી સંખ્યામાં અહીં દર્શન માટે આવ્યા હતા.ભક્તોએ ભગવાનને બિલિપત્ર ચડાવી અને દૂધ ચડાવી ભગવાનની પૂજા અર્ચના કરી હતી અને ધન્યતા અનુભવી હતી. શ્રાવણ માસના અંતિમ દિવસે ધનસુરા તાલુકાના શિવાલયોમાં દર્શન માટે લોકો મોટી સંખ્યામાં આવ્યા હતા અને શિવાલયો હર હર મહાદેવના નાદ થી ગુંજી ઉઠ્યા હતા.

### શિક્ષણ મંદિરરૂપી મૂર્તિમાં પ્રાણ પુરવાનું કામ કર્યું છે - આમંત્રિતો

# તેનપુર હાઈસ્કુલના આચાર્ય બાબુભાઈ જે. પટેલનો જાજરમાન વયનિવૃત્તિ સમારોહ યોજાયો.....

## ગ્રામજનો સહિત આમંત્રિતોની વિશાળ સંખ્યામાં હાજરી

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૭

બાયડ તાલુકાની શિક્ષણક્ષેત્રે અગ્રેસર શ્રી સી.આર.પટેલ વિદ્યા વિહાર એન્ડ શ્રી આર. બી. પટેલ હાયર સેકન્ડરી સ્કુલમાં યશસ્વી ૩૫ વર્ષની દિર્ઘકાલિન સેવા આપી વયમર્યાદાના કારણે નિવૃત્ત થયેલા આચાર્ય બાબુભાઈ જે. પટેલનો નિવૃત્તિ સમારોહ ડાકોરના શ્રી વિનોદચંદ્ર મહારાજની ઉપસ્થિતિ અને અન્ય વિશિષ્ટ આમંત્રિતોની ઉપસ્થિતિમાં શનિવારે યોજાઈ ગયો. જેમાં મોટી સંખ્યામાં આમંત્રિતો વર્તમાન આચાર્ય, પૂર્વ આચાર્યો, કેળવણીકારો, ગ્રામજનો, સબંધીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના ઉદ્ઘાટક વિનોદચંદ્ર મહારાજે નિવૃત્ત થયેલા આચાર્યની વિશિષ્ટ શૈક્ષણિક સેવાઓને યાદ કરી હતી અને શિક્ષણ મંદિર રૂપી મૂર્તિમાં પ્રાણ પુરવાનું કામ તેમને કર્યું છે તેમ જણાવી સફળ નેતૃત્વમાં શાળાએ સમાજને ૧૦ ડૉક્ટર અને ખ્યાતનામ ઈજનેર અને ઉદ્યોગપતિઓની ભેટ આપ્યાનું જણાવ્યું હતું.

પ્રાપ્ત જાણકારી અનુસાર શિક્ષણની સાથે શિસ્ત, સંસ્કાર અને સારા ચારીત્ર્યના પાઠ આપતી તેનપુર હાઈસ્કુલને કેળવણી મંડળના અમૂલ્ય સહયોગથી સામાન્ય છોડમાંથી વટવૃક્ષના મુકામ સુધી પહોંચાડનાર આચાર્ય બાબુભાઈ જે. પટેલ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં કેળવણી મંડળ દ્વારા તેમના જાજરમાન વિદાય સમારંભનું તા. ૨૭ ઑગષ્ટના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાર્થના, સ્વાગત ગીત સાથે કાર્યક્રમનો શાનદાર પ્રારંભ થયો અને ત્યારબાદ નિવૃત્ત થયેલા આચાર્યનું શાનદાર પુષ્પવર્ષા સાથે સન્માન કરાયું હતું તે સમયે આખું ગામ ઉપસ્થિત રહ્યું હોય તેવું જોવા મળ્યું. સમારંભના મુખ્ય મહેમાન, રાજ્યના નાયબ શિક્ષણ નિયામક યશવંતભાઈ એચ. પટેલે તેનપુર હાઈસ્કુલની પ્રગતિનો ચિતાર આપી બાબુભાઈ પટેલની શિક્ષણ ક્ષેત્રના અજોડ લગાવ અને સમગ્ર જીવન શાળા પાછળ સમર્પિત કર્યાનું જણાવ્યું હતું. નાયબ સચિવ ભાવિનભાઈ ડી. પટેલે તેનપુર હાઈસ્કુલને આગવી નામના અપાવવામાં નિવૃત્ત થતા આચાર્યનું અમૂલ્ય યોગદાન હોવાનું કહ્યું હતું. જ્યારે આ પ્રસંગે ઉપસ્થિત ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી જયેશભાઈ પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શૈલેષભાઈ ડી. પટેલ, વહાણવટી હાઈસ્કુલ-ઘડીયાના આચાર્ય રમેશભાઈ એસ. પટેલ, અરવલ્લી જિલ્લા આચાર્ય સંઘના મહામંત્રી પ્રભુદાસ જે. પટેલે નિવૃત્ત થયેલા આચાર્ય બાબુભાઈ પટેલના મુત્સદ્દી વ્યક્તિત્વની પ્રસંશા કરી તેઓએ ક્યારેય હોદ્દાનો લોભ રાખ્યો નથી અને માત્ર ને માત્ર શૈક્ષણિક સંસ્થાના વિકાસ માટે પોતાનું સમગ્ર જીવન ખર્ચી નાખ્યાનું જણાવ્યું હતું. સમાજમાં આવા નિષ્ઠાવાન આચાર્ય, શિક્ષકોના કારણે જ શૈક્ષણિક સંકુલો વિરાટ સિદ્ધિઓ હાંસલ કરતી હોય છે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ નિવૃત્ત થયેલા આચાર્ય બાબુભાઈ પટેલને સન્માનપત્ર આપી સન્માનિત કરાયા હતા. નિવૃત્ત થયેલા આચાર્ય બાબુભાઈ જે. પટેલ પ્રતિભાવમાં જણાવ્યું કે સમગ્ર ગામ અને કેળવણી મંડળે ૩૫ વર્ષ સુધી મને અમૂલ્ય સહયોગ આપ્યો અને શાળાના વિકાસ માટે સંપૂર્ણ સત્તાઓ આપીને મારા ઉપર જે ભરોસો રાખ્યો તે બદલ આભાર માન્યો હતો તેમજ નિવૃત્તિ પછી પણ શિક્ષણ મંદિર માટે પોતે કાયમી ઉપલબ્ધ રહેશે તેવી કટીબદ્ધતા દર્શાવી હતી. ત્યારબાદ ગ્રામજનો અને મિત્રો દ્વારા પણ તેમનું શાલ ઓઢાડી, મોમેન્ટો આપી યાદગાર સન્માન કરાયું હતું. બાયડ તાલુકામાં કોઈપણ આચાર્યના નિવૃત્ત સમારોહમાં જોવા ન મળી હોય તેટલી મેદની પ્રથમવાર જોવા મળ્યાનું મોટાભાગના આમંત્રિતોએ નોંધ્યું હતું. ઈન્ચાર્જ આચાર્ય મહેશભાઈ એમ. પટેલે અંતમાં આભાર વિધિ કરી હતી. કેળવણી મંડળના પ્રમુખ શંકરભાઈ એન. પટેલ, ઉપપ્રમુખ રાજેશભાઈ કે. પટેલ, મંત્રી બાબુભાઈ એચ. પટેલ વગેરેના માર્ગદર્શન હેઠળ શાનદાર વિદાય સમારંભનું આયોજન થયું હતું.











### પ્રાંતિજના ગલતેશ્વર ખાતે લોકમેળો ભરાયો હતો

## શ્રાવણના છેલ્લાં દિવસે વર્ષોની પરંપરા મુજબ અમાસનો મેળો ભરાયો



પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગલેસરા ખાતે આવેલ શ્રી ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે આઠસો વર્ષથી યોજાતો લોકમેળો દરવર્ષની જેમ પરમ પરાગત યોજાયો હતો જેમાં મોટું માનવ મેળામણ ઉમટી પડયું હતું.

પ્રાંતિજ થી સાત કિલોમીટર દૂર સાબરમતી નદી કાઠે આવેલ પ્રાંતિજના ગલતેશ્વર ગામે ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસમાં દુરદુરથી લોકો મહાદેવ ના દર્શન કરવા આવેછે અને શ્રાવણ ના છેલ્લાં દિવસે અમાસનો મેળો ભરાયો હતો જેમાં, ખાનીપીણી લારીઓ સહિત પાથરણા વાળા આકર્ષણું કેન્દ્ર બન્યા હતા અને મેળો માલવાની સાથે લોકોએ ભોળા શિવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને યંત્ર યુગમાં પણ જુની પરમપરાઓ આજે પણ જળવાઈ રહીછે અને દુરદુરથી મેળામાં માનવ મહેરામણ કિડીયાળા ની જેમ જોવા મળ્યુ હતું ત્યારે મંદિર ના ટ્રસ્ટી રાકેશભાઈ જોષી , શંભુભાઈ રાવલ પરાગભાઈ દ્વારા મંદિરમાં દર્શન માટે આવેલ ભકતોને દર્શન સારી રીતે થાય તે માટે ની વ્યવસ્થા કરવામાં આવીહતી અને પ્રાંતિજ પી.આઈ પી.પી.વાઘેલા દ્વારા મેળામાં કોઈ અનિચીત બનાવ ન બને તે માટે પણ પોલીસ વ્યવસ્થા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## સીંગતેલના ભાવની અસર : જિલ્લામાં ગણેશ મહોત્સવ અગાઉ ફરસાણના ભાવમાં ૧૫ ટકાથી વધુનો વધારો...!!





બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૭

સીંગતેલના ભાવમાં મોંઘવારી દેખાતાં ગણેશ મહોત્સવ અગાઉ ફરસાણના ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો ઝીંકાઈ શકે છે. અત્યારે ચોમાસાની સીઝનમાં ભજીયા, બટાકાવડા, પાતરાંના વેચાણમાં ઉછાળો આવ્યો છે પરંતુ હવે નાસ્તાની ડીશ પણ જિલ્લાની પ્રજાને મોંઘી પડી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર મગફળીની નવી આવક શરુ થાય તે પહેલાં સીંગતેલના ભાવમાં આગ ઝરતી તેજી જોવા મળી છે. વિધાનસભાની ચૂંટણીઓ નજીકમાં છે. આવા સમયે સીંગતેલ સહિતની ખાદ્ય સામગ્રીમાં ભાવ વધારો સત્તાધારી પક્ષ માટે મુશ્કેલી ઉભી કરી શકે તેવી સંભાવના છે. ગત રોજ સીંગતેલ ડબાનો ભાવ ૩૦૦૦ને આંબી જતાં હવે ફરસાણના ભાવમાં પણ ભડકાની સ્થિતિ આવી પડી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સવાર થી સાંજ સુધી ફરસાણ હાઉસ અને નાસ્તાની લારી ઉપર મોટી ભીડ જોવા મળે છે પરંતુ સીંગતેલના ભાવ ઉંચકાયા પછી હવે નાસ્તાની ડીશ વધુ મોંઘી થશે. જ્યારે શક્કરપાડા, મિક્ષચવાણું, પાપડી, જીણી સેવ, ગાંઠીયા સહિતની ખાદ્ય સામગ્રીમાં પણ તોતિંગ ભાવ વધારો ઝીંકાય તેવી સંભાવના છે.

## કોંગ્રેસના 'ગુલામ' આજથી થયા 'આઝાદ'!!

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ ...?

બાયડ તા.૨૭

ભારત આઝાદ થયું એને ૭૫ વર્ષ થઈ ગયા પણ કેટલાક રાજકીય નેતાઓ વર્ષોથી કોંગ્રેસના ગુલામ હતા.... માફ કરશો કોંગ્રેસના ગુલામ કહેવું તેનાથી વધુ ઉચિત એવું કહેવું જોઈએ કે ગાંધી પરિવારના ગુલામ હતા !! પોતાની રાજકીય કારકિર્દી કોંગ્રેસને સમર્પિત કરી દીધી છતાંય તેઓ કાયમ પોતાની જાતને અસ્વસ્થ મહેસુસ કરતા હોય તેવા નેતાઓનું લિસ્ટ લાબું છે... આ તમામ નેતાઓને કોંગ્રેસ જોડે જરાય નારાજગી નહોતી પણ ગાંધી પરિવારના કોંગ્રેસ ઉપરના એકહથ્થું શાસનથી જરાય ખુશી નહોતી એ વાત સ્પષ્ટ છે... કદાચ એટલે જ વર્ષો જૂની કોંગ્રેસ છોડીને સમય સમયે ગણા બધા જુના કોંગ્રેસીઓએ કોંગ્રેસનો 'હાથ' છોડી દીધો!!

કોંગ્રેસનું પ્રમુખપદ સિર્ફ ગાંધી પરિવાર જોડે જ રાખવા માંગતા અને પોતાની જ મનમાની કરવા માંગતા સોનિયાજી અને રાહુલજીથી જુના કોંગ્રેસીઓ ખૂબ હતભ્રત હતા... યોગ્ય મોકો મળતા વર્ષ ૨૦૨૨ માં ગણા બધા કોંગ્રેસીઓએ કોંગ્રેસને બાય બાય કર્યુ છે. આજે કોંગ્રેસને વફાદાર જુના જોગી એવા ગુલામનબી આઝાદ પણ ગાંધી પરિવારમાંથી "ગુલામ" રહેવાનું છોડીને "આઝાદ" થઈ ગયા!! કોંગ્રેસને આ ઝાટકો ૪૪૦ વોટથી ઓછો નહિ હોય... સોનિયાજી કોંગ્રેસ રાજકારણની બારાક્ષરી શીખતાં હતા અને રાહુલજીને તો કક્કો પણ નહોતો આવડતો ત્યારના ગુલામનબી આઝાદ રાજકારણનું પૂરું વ્યાકરણ જાણતા હતા છતાંય તેમની થતી ઉપેક્ષા તેઓ સહન ના કરી શક્યા અને અંતે આજે તેમણે પોતાને 'ગુલામ' માંથી 'આઝાદ' કરી દીધા!!

કોંગ્રેસની આજે જે હાલત થઈ છે તેના પ્રમુખ બે કારણ રહ્યા છે. એક પરિવારવાદ તો બીજું મુસ્લિમ તુષ્ટિકરણ... નાની મોટી ગલતીઓ તો લોકો ભૂલી જાય પણ પરિવારવાદ અને મુસ્લિમ તુષ્ટિકરણને કોઈ ભૂલવા તૈયાર નથી. કોંગ્રેસ કરતા પણ વધુ આ વિચારધારા ગાંધી પરિવારની છે અને નૈતિક મૂલ્યોથી ભટકેલી જડ કોંગ્રેસ વિચારધારાથી કંટાળીને ગુલામનબી આઝાદ જેવા અસંખ્ય નિષ્ઠાવાન કોંગ્રેસીઓએ કોંગ્રેસ છોડી દીધી છે છતાંય આ ગાંધી પરિવારની આંખો ખુલી નથી અને આ બંધ આંખો કોંગ્રેસની નૌકા ડુબાડીને જ રહેશે તેવું મારુ માનવું છે...

ગુલામનબી આઝાદનું કોંગ્રેસમાંથી રાજીનામુ કોંગ્રેસ માટે ભલે ચોંકાવનારું છે પણ રાજકીય વિશ્લેષકો આ વાતને સહજ લે છે. રાજકીય પંડિતો કોંગ્રેસના અધઃપતનની વાતો ક્યારનાય કરી રહ્યા છે જ્યારથી કોંગ્રેસનું પ્રમુખપદ સોનિયાજી અને રાહુલજીની આસપાસ ગોળ ગોળ ફરતું રહ્યું છે!! 'એવું નથી કે કોંગ્રેસમાં ગાંધી પરિવારથી વિશેષ પરિપક્વ નેતાઓ નથી, પણ ગાંધી પરિવાર અને તેમનું દામન પકડીને ચાલતા કોંગ્રેસીઓને આ દિવા જેવું સત્ય દેખાતું જ નથી...' કોંગ્રેસની આજે જે કફોડી હાલત થઈ છે તેનું કારણ પણ એ જ છે!! કોંગ્રેસીઓ ગાંધી પરિવારને છોડવા તૈયાર નથી એટલે કોંગ્રેસનો સૂર્યોદય થાય એવું દેખાતું પણ નથી...

કોઈપણ રાજકીય પક્ષ જ્યારે દેશની જનતા વચ્ચે જાતિવાદ, સાંપ્રદાયિક, મફત આપવાની લાલચ, પરિવારવાદ, તુષ્ટિકરણનું રાજકારણ લઈને આવે છે તે રાજકીય પક્ષના મૂળિયા કોહવાઈ જતા વાર નથી લાગતી... એક પછી એક ડાળ-પાંદડા ખરવા લાગે છે. 'એક સમય હતો કોંગ્રેસી નેતાઓને અંગ્રેજોથી આઝાદી જોઈતી હતી અને વર્ષો પછી સમય એ આવ્યો છે કે કોંગ્રેસી નેતાઓને ગાંધી પરિવારથી આઝાદી જોઈએ છે!! 'કોંગ્રેસ હજુ પણ આ વાત ગંભીરતાથી નહિ લે તો એક પછી એક અનેક 'ગુલામ' નેતાઓ કોંગ્રેસથી 'આઝાદ' થઈને રહેશે!!

## જિલ્લામાં વરસાદે ખમૈયા કરતાં ખરીફ ખેતી ઉપરનું સંકટ ટળ્યું

### ૨ દિવસથી ઉઘાડ નિકળતાં ખેડૂતોમાં મલકાટ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદે ખમૈયા કરતાં ખરીફ ખેતી ઉપરનું સંકટ હાલ ટળ્યું છે. છેલ્લા ૨ દિવસથી ઉઘાડ નિકળતાં ખેડૂતોમાં મલકાટ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં આ વર્ષે કુલ- ૪,૦૭,૪૮૭ હેક્ટર જમીનમાં ખરીફ પાકનું વાવેતર થયા પછી સતત વરસાદની હાજરીના કારણે પાકમાં રોગચાળાની દહેશતથી ખેડૂતો ચિંતિત બન્યા હતા પરંતુ વરસાદ થંભી જતાં ખેતરોમાં દવા છંટકાવ તેમજ નિંદામણના કામનો ધમધમાટ શરૂ થયો છે. જિલ્લામાં વરસાદ સાર્વત્રિક મહેર કરતાં ખરીફ પાકનું વાવેતર કરનારા ખેડૂતોએ ઓણસાલ સારા ઉત્પાદનની આશા રાખી હતી જિલ્લામાં કપાસ, મગફળી, મકાઈ, સોયાબીન તેમજ શાકભાજી સહિતના પાકનું વાવેતર કરવામાં આવ્યું પરંતુ અષાઢ મહિનાના અંતમાં ધોધમાર વરસાદ વરસ્યા બાદ પણ શ્રાવણ માસમાં વરસાદની સતત હાજરી નોંધાઈ જેના કારણે ખેતરો જળમગ્ન થઈ ગયાં. ખેડૂતો દવા છંટકાવ તેમજ નિંદામણ માટે ખેતરમાં પગ મૂકી ન શકે તેવી સ્થિતિ અનેક વિસ્તારોમાં જોવા મળી. ખેતરમાં ઉભો પાક પાણીમાં ગરક થવાની સાથે વરસાદી માહોલ જારી રહ્યો જેના કારણે ખરીફ વાવેતરમાં રોગચાળાનું સંકટ ઉભું થયું હતું પરંતુ હવે વરસાદનું જોર ઘટ્યું છે. ખેડૂતોએ વરસાદ ખમૈયા કરે તો જ ખરીફ વાવેતરમાં સુધારો આવી શકે તેવી હૈયાવરાળ ઠાલવી હતી. છેલ્લા ૨ દિવસથી વરસાદ અટક્યો હોવાથી હવે ખેડૂતોના જીવમાં જીવ આવ્યો છે. એક તબક્કે જો વરસાદ વધુ લાંબો સમય સુધી જારી રહ્યો તો ખરીફ ખેડૂતને નુક્સાન થવાની દહેશત હતી પરંતુ મોટાભાગના તાલુકાઓમાં હવે વરસાદ થંભ્યા પછી ઉઘાડ નિકળ્યો છે. સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે ખેડૂતો ૨,૧૩,૪૩૧ અને અરવલ્લી જિલ્લામાં ૧,૯૪,૦૫ ૬ હેક્ટરમાં ખરીફ વાવેતર સંપન્ન કરી દીધું છે. વરસાદ હવે વધુ સમય માટે વિરામ લેશે તો ખરીફ વાવેતરનું જોબન ખીલી ઉઠશે.

## અરવલ્લી જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા કામચલાઉ સીનીયોરીટીમાં ગોલમાલના આરોપ લાગ્યા

### તપાસ થાય તો ચોંકાવનારી વિગતોનો પર્દાફાશ થવાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૭

અરવલ્લી જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા ગુજરાત પંચાયત સેવા સીનીયોરીટી એ-એલાઉન્સ નિયમોનુસાર મલ્ટીપર્પજ હેલ્થવર્કર સંવર્ગના કર્મચારીઓની તા.૧ જુલાઈ-૨૦૨૨ની સ્થિતિએ કામચલાઉ સીનીયોરીટી યાદી જાહેર કરી છે જેમાં કેટલાક કર્મચારીઓએ ગોલમાલના આરોપ લગાવી ન્યાયીક તપાસના ગુહાર લગાવી છે. તપાસ થાય તો જિલ્લા આરોગ્ય શાખામાં ચાલતા અનહદ ભ્રષ્ટાચારનો પર્દાફાશ થવાની સંભાવના છે. આ અંગે પ્રાપ્ત જાણકારી અનુસાર મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, અરવલ્લી દ્વારા તા.૧૧ ઑગષ્ટ-૨૦૨૨ ના રોજ કામચલાઉ પ્રવરતા યાદી અને તેની સામે કોઈ વાંધા હોય તો તાલુકા અધિકારી મારફતે યાદી પ્રસિદ્ધ થયાથી ૧ મહિનામાં આધારપુરાવા સાથે કચેરીમાં રજૂ કરવા જણાવ્યું છે ત્યારે કેટલાક કર્મચારીઓએ આ સામે પોતાનો આક્રોશ વ્યક્ત કરી જણાવ્યું છે કે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા પ્રસિદ્ધ કરેલ કામચલાઉ પ્રવરતા યાદીમાં તા.૨૮ ફેબ્રુઆરી-૧૯૯૨ થી નિમણૂંક થયેલા સીનીયર કર્મચારીઓના ઉપર તા.૨૧ ઑગષ્ટ-૨૦૦૪ના કર્મચારીઓ જે પંચાયત ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષા પાસ કરેલ નથી પરંતુ અગાઉ કરાર ઉપર નોકરી કરેલ છે તેઓને કોર્ટના આદેશ પછી લાભો આપવા માટે કહેવામાં આવ્યું હતું પરંતુ કોર્ટના આદેશનું અધિકારીએ મનઘડત અર્થઘટન કર્યાનો આરોપ લગાવી સીનીયોરીટીના લાભ આપવા એવો કોઈ ઉલ્લેખ નથી છતાં આવા ૩ કર્મચારીઓને સરકારના નીતિ નિયમની ઉપરવટ જઈ તેમને પ્રવરતા યાદીમાં આગળ સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે અન્ય જિલ્લાની આ પ્રકારની કોર્ટ મેટરમાં પ્રવરતા યાદીમાં જે તે કોર્ટમાં ગયેલા કર્મચારીઓને નીચે મૂકવામાં આવ્યા છે તો માત્ર ને માત્ર અરવલ્લી જિલ્લામાં જ કેમ તેમને સીનીયોરીટીમાં ઉપર સમાવવામાં આવ્યા છે. આ અંગે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ન્યાયિક તપાસ થાય તો જિલ્લાના આરોગ્ય તંત્રમાં ચાલતી અનેક લાલીયાવાડીનો પર્દાફાશ થશે તેવી આશંકા પણ વ્યક્ત કરી છે. કોર્ટમાંથી આવેલા આદેશનું મનઘડત અર્થઘટન કરી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ત્રણેય કર્મચારીઓ પંચાયત ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષા પણ પાસ કરેલ નથી જે સરકારના નીતિ નિયમ વિરુદ્ધ અને ૨૦૧૨ ના વર્ષમાં મહેનત કરીને નોકરી મેળવેલ કર્મચારીઓને અન્યાય કરતા હોવાનો પણ આરોપ લાગ્યો છે.

#### કમીટીએ નિર્ણય કર્યો છે – મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી

અરવલ્લી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી આર.કે.શ્રીમાળીએ જણાવ્યું કે કોર્ટે આપેલા નિર્દોષ પ્રમાણે કામચલાઉ સીનીયોરીટી યાદી જાહેર કરી છે અને આ મારો વ્યક્તિગત નિર્ણય નથી પરંતુ જિલ્લા વિકાસ અધિકારી સહિત કમીટીએ નિર્ણય કર્યો છે. તેમ છતાં કોઈપણ કર્મચારીને વાંધો હોય અને અન્યાય થયો હોય તેવું લાગતું હોય તો પુરાવા સાથે રજૂઆત કરી શકે છે.

#### કયા કર્મચારીઓને સીનીયોરીટીના ખોટા લાભ આપ્યાનો આરોપ

અરવલ્લી જિલ્લામાં કામચલાઉ પ્રવરતા યાદીમાં ૩ કર્મચારીઓને ખોટી રીતે સીનીયોરીટીના લાભ આપ્યા છે તેવા આરોપ લાગ્યા છે તેવા રાજેન્દ્રકુમાર શંકરલાલ પંચાલ (આમોદરા સી.એચ.સી.), દિનેશભાઈ કાનજીભાઈ કટારા(ઉબસલ આરોગ્ય કેન્દ્ર), ભૂપેન્દ્રસિંહ કિશોરસિંહ રાઠોડ (શામળાજી આરોગ્ય કેન્દ્ર)